# પ્રેસનોટ

## સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સૂર્યપુત્રી તાપી નદીના જન્મ દિનની ઉજવણી પ્રસંગે તા.૧૩/૦૭/૨૦૨૪ને શનિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી પ્રસંગે નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૧૧૯ , તા.૧૧/૦૭/૨૦૨૪, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.